# મહામારીમાં પણ અમૂલનાં ટર્નઓવરમાં ૧૯ ટકાની વૃધ્ધિ

## અમૂલ ડેરીનું રેકોર્ડબ્રેક ટર્નઓવર : ૨૦૨૧-૨૨ આંતરરાષ્ટ્રીય ડેરી વેપાર માટે ખૂબ જ કપરું હતું, તેમ છતાં વાર્ષિક ટર્નઓવર ૧૦૨૨૯ કરોડને પાર કર્યું

આણંદ,તા.૫

અમૂલ દૂધની કંપનીના ટર્નઓવરમાં સૌથી મોટો વધારો નોંધાવ્યો છે. કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૧૯ ટકા વધી ૧૦ હજાર ૨૨૯ કરોડ પર પહોંચ્યુ છે. ગત વર્ષે કંપનીમાં દૂધની ૧૩૧ કરોડ લીટર થઈ હતી. જ્યારે ચાલુ વર્ષે કંપનીમાં દૂધની ૧૫૦ કરોડ લીટર દૂધની આવક થઈ છે. ગત વર્ષ કંપનીએ ૩૨૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. જ્યારે આ વર્ષે કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાની ખેડૂતોને ચૂકવણી કરી છે. જેમાં ૯.૩૭ ટકાનો વધારો થયો છે. અમૂલ કંપનીએ દેશનું નામ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ કર્યું છે. ડેરીએ વર્ષ ૨૦૨૧-૨૨ માં સારો દેખાવ કર્યો છે. સામાન્ય રીતે વર્ષ ૨૦૨૧-૨૨ આંતરરાષ્ટ્રીય ડેરી વેપાર માટે ખૂબ જ કપરું હતું, તેમ છતાં અમૂલ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૧૦,૨૨૯ કરોડને પાર કરી ગયું છે. જે સંઘના ઈતિહાસમાં સર્વાધિક છે. જે ગત વર્ષના રૂપિયા ૮૫૯૮ કરોડની તુલનામાં ધંધાની કુલ ૧૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે. સંઘના વ્યવસાયમાં કલકત્તા, પૂણે તથા મુંબઈ સહિત સમગ્ર રીતે સંતોષકારક વધારો થયેલો હોવાનું ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું હતું. ગુજરાતની અને વિશ્વવિખ્યાત અમુલ ડેરી મામલે મહત્વના અહેવાલ સામે આવ્યા છે. જેમાં ગુજરાત રાજયની અમુલનું વાર્ષિક ટર્ન ઓવર ૧૦ હજાર કરોડને પાર થઈ ગયું છે. અમુલના વાર્ષિક ટર્ન ઓવરમાં ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ગત વર્ષે દૂધની આવક ૧૩૧ કરોડ લીટર થઈ હતી. ચાલુ વર્ષે દૂધની ૧૫૦ કરોડ લીટરની આવક થઈ છે. ખેડૂતોને કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાની ચૂકવણી પણ કરી છે. ખેડૂતોને ચૂકવણીમાં ૯.૩૭ કરોડ રૂપિયાનો વધારો નોંધાવ્યો છે. ગત વર્ષે ૩૨૦ કરોડ અંતિમ ભાવની ચુકવણી થઈ હતી. જેમાં ચાલુ વર્ષે ૩૫૦ કરોડથી વધુ રકમ ખેડૂતોને ચૂકવાઈ છે.

## પૂર્વ મેયરના બિલ્ડિંગના ચાર ફ્લોરને જ કેમ સીલ ?

# મનપાના જવાબદાર અધિકારીઓ સામે તપાસ કરી જરૂરી પગલાં લો : હાઈકોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૫

ફાયર સેફટીના કેસમાં સુનાવણી દરમ્યાન રાજ્યની હાઈકોર્ટે ગાંધીનગર મનપા તંત્રની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરી છે.

ગાંધીનગરના ૧૪ હાઈરાઈઝ બિલ્ડિંગ પાસે બી.યુ. પરમિશન ન હોવાનું તંત્ર દ્વારા જણાવાયુ હતુ. બીયુ પરમિશન વગરના બિલ્ડિંગો સામે કાર્યવાહીનો ઉલ્લેખ કરતાં મનપાના તંત્ર દ્વારા દલીલ થઈ હતી કે આવા બિલ્ડિંગોને ત્રણ વખત નોટીસ આપવામાં આવી છે. પૂર્વ મેયરના વિવાદાસ્પદ બિલ્ડિંગમાં ઉપરના ચાર ફ્લોરને સીલ મારવામાં આવ્યા હોવાનો દાવો પણ તંત્ર તરફથી થયો હતો.

જેના જવાબમાં હાઈકોર્ટે વેધક સવાલ પુછ્યો હતો કે સમગ્ર બિલ્ડિંગને મંજૂરી મળી નથી ત્યારે માત્ર ૪ ફ્લોરને જ કેમ સીલ કરાયુ છે.

મ્યુનિ. તંત્ર તરફથી એવી પણ રજુઆત કરવામાં આવી હતી કે બિલ્ડિંગના રિવાઈઝડ પ્લાન મંજૂરી અર્થે રજુ કરવામાં આવ્યા છે. વળી સિંગલ જજ સમક્ષ પિટિશન પેન્ડિંગ હોવાથી આગળની કોઈ કાર્યવાહી થઈ નથી. હાઈકોર્ટની ખંડપીઠે આ દલીલની સામે વળતો સવાલ કર્યો હતો કે બિલ્ડિંગ બની રહ્યુ હતુ ત્યારે મનપાના જવાબદાર અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈને કેમ કાર્યવાહી અટકાવી ન હતી ? પાછલા બે માસમાં માત્ર નોટીસ આપવા સિવાય કોઈ કાર્યવાહી થઈ નથી. સામાન્ય જનતા માટે પણ શું તંત્ર આ જ પ્રકારની કાર્યવાહી કરી છે. જો આમ ચાલશે તો જનતાનો ભરોસો ઉઠી જશે. આ મામલે જવાબદાર અધિકારીઓ સામે તપાસ હાથ ધરવા અને જરૂર જણાય તો યોગ્ય પગલાં ભરવા આદેશ અપાયો હતો.

હાઈકોર્ટની ખંડપીઠે ગાંધીનગર મનપાને આદેશ કર્યો હતો અને બીયુ પરમિશન નહિ ધરાવતા એકમો સામે થયેલી કાર્યવાહીની વિગતો ઓરિજનલ રેકોર્ડ સાથે રજુ કરવા જણાવ્યુ છે.

# કચ્છ-ભૂજમાં ઈલેક્ટ્રીક કોમર્શીયલ વ્હીકલ પ્રોડક્શન પ્લાન્ટ સ્થપાશે



ગાંધીનગર, તા. ૫

ટ્રિટોન ઈલેક્ટ્રીક વ્હીકલ એલ.એલ.સી અને ગુજરાત સરકાર વચ્ચે આ અંગેના એમ.ઓ.યુ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં સંપન્ન થયા હતા.

રૂ. ૧૦,૮૦૦ કરોડના કુલ રોકાણ સાથે સ્થપાનારા આ પ્લાન્ટમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨૦૦ કરોડના રોકાણ સાથે ટ્રિટોન ઈલેકટ્રીક વ્હીકલ આ પ્લાન્ટ શરૂ કરશે. આ પ્લાન્ટથી ૧૦ હજાર જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર અવસર મળતા થશે.

ગુજરાત સરકાર વતી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ તથા ટ્રિટોન ઈલેકટ્રીક વ્હીકલ તરફથી ફાઉન્ડર અને સી.ઈ.ઓ. હિમાંશુ પટેલે આ એમ.ઓ.યુ પર હસ્તાક્ષર કરી એમ.ઓ.યુ પરસ્પર આદાન-પ્રદાન કર્યા હતા. ટ્રિટોન ઈલેકટ્રીક વ્હીકલ પોતાના આ ૬૪૫ એકર વિસ્તારમાં પથરાયેલા પ્લાન્ટમાં વાર્ષિક ૫૦ હજાર ટ્રકની ઉત્પાદન ક્ષમતા ધરાવતો પ્લાન્ટ શરૂ કરશે. એટલું જ નહિ, ચેસીસ અને કેબિન, રોબોટિક પેઈન્ટ શોપ, ચેસીસ સબ એસેમ્બલી અને ક્વોલિટી એસ્યોરન્સ તથા મટિરિયલ ટેસ્ટીંગ લેબ જેવી ઈન હાઉસ ફેસેલીટીઝ પણ તેઓ ઊભી કરવાના છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ટ્રિટોન ઈલેકટ્રીક વ્હીકલ એ યુ.એસ.એ બેઈઝડ કંપની છે. લિથીયમ બેટરી સેલ અને ઈલેકટ્રીક વ્હીકલ કંટ્રોલર્સના ઉત્પાદનમાં વિશેષ તજ્જ્ઞતા ધરાવે છે.

ટ્રિટોન દ્વારા વર્લ્ડકલાસ સેફટી અને ફંકશનાલિટીઝ સાથે શ્રેષ્ઠ લોંગ રેંજ ઈલેકટ્રીક વ્હીકલ વિકસાવવામાં આવી રહ્યા છે. યુ.એસ.એ માં ટ્રિટોન દ્વારા ઈલેકટ્રીક સેમી ટ્રક, એસ.યુ.વી, ઈલેકટ્રીક સેડાન, ડિફેન્સ ઈલેકટ્રીક વ્હીકલ અને ઈલેકટ્રીક રિક્ષાનું ઉત્પાદન કરવામાં આવે છે.

# નરેશ પટેલના ભાજપમાં જોડાવાની જોરદાર ચર્ચા

## નરેશ પટેલના રાજકારણમાં જોડાવાને લઈને સસ્પેન્સ : સમાજના લોકો કહેશે તેમ કરીશ તેવી વાતો કરનારા નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાવાના છે તેવી અટકળો થોડા દિવસ પહેલા વહેતી થઈ હતી

રાજકોટ,તા.૫

સૌરાષ્ટ્રના લેઉઆ પાટીદાર અગ્રણી નરેશ પટેલ ઘણા સમયથી રાજકારણમાં આવું-આવું કરી રહ્યા છે. જોકે, તેઓ કયા પક્ષમાં જોડાવાના છે તે અંગે હજુ સુધી તેમણે કોઈ ફોડ નથી પાડ્યો. છેલ્લા દોઢ-બે મહિનામાં તેઓ અવારનવાર રાજકારણમાં આવવું જોઈએ તેવું કહી પોતે અંગત રીતે પણ રાજકારણમાં આવવા માગતા હોવાનું કહી ચૂક્યા છે. જોકે, સમાજના લોકો કહેશે તેમ કરીશ તેવી વાતો કરનારા નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાવાના છે તેવી અટકળો થોડા દિવસ પહેલા વહેતી થઈ હતી. એટલું જ નહીં, કોંગ્રેસે પ્રશાંત કિશોર સાથે મુલાકાત કરી હોવાના પણ દાવા કરવામાં આવ્યા હતા. જોકે, હવે જાણે કહાનીમાં ટ્વીસ્ટ આવ્યો હોય તેમ તેઓ ભાજપમાં જોડાવાના છે તેવી વાતો વહેતી થઈ છે. માર્ચ મહિનાના છેલ્લા સપ્તાહમાં નરેશ પટેલે જાહેરાત કરી હતી કે તેઓ એપ્રિલના મધ્ય સુધીમાં પોતાનો નિર્ણય જાહેર કરશે. તેમનું તો ત્યાં સુધી કહેવું છે કે તેમને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી એમ ત્રણેય પક્ષોમાં જોડાવાની ઓફર મળી છે. જોકે, તેઓ કયા પક્ષમાં જોડાશે તે અંગેનો નિર્ણય સમાજનો મત જાણ્યા બાદ લેવાશે તેમ પણ તેમણે કહ્યું હતું.

હવે એવું જાણવા મળી રહ્યું છે કે નરેશ પટેલ છેલ્લા કેટલાક દિવસોથી ભાજપના નેતાઓ સાથે સંપર્કમાં છે, અને હાલ કેન્દ્રિય મંત્રી અને સૌરાષ્ટ્રના મોટા ગજાના નેતાની મધ્યસ્થીથી તેમને ભાજપમાં લાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નરેશ પટેલની ભાજપના નેતાઓ સાથે એક ખાનગી સ્થળે બેઠક થઈ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર અહેવાલ પ્રાપ્ત નથી થયા.



ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે, રાજકીય વર્તુળોમાં તો એવી પણ ચર્ચા છે કે આ વખતે વિધાનસભા ચૂંટણી વહેલી યોજાઈ શકે છે. ભાજપ અને આમ આદમી પાર્ટીએ તો રાજ્યમાં પ્રચાર અભિયાન પણ શરુ કરી દીધું છે. ખુદ પીએમ મોદી પણ ગુજરાતમાં તાજેતરમાં જ ત્રણ-ત્રણ રોડશો કરી ચૂક્યા છે. કેજરીવાલે પણ ત્રીજી માર્ચે પંજાબના નવનિયુક્ત સીએમ ભગવંત માન સાથે પાટીદારોની મોટી વસ્તી ધરાવતા પૂર્વ અમદાવાદમાં જોરદાર રોડશો કર્યો હતો. જોકે, કોંગ્રેસ જાણે હજુ સુધી કોઈ એક્શનમાં નથી આવી. તેવામાં નરેશ પટેલને કોંગ્રેસમાં લાવી તેમને સીએમ કેન્ડિડેટ બનાવાશે તેવી ચર્ચા શરુ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલે તો નરેશ પટેલને કોંગ્રેસમાં જોડાવવા ખૂલ્લી ઓફર કરી હતી, પક્ષના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પણ નરેશ પટેલનું સ્વાગત કરવા અમે તૈયાર છીએ તેવી વાત કરી ચૂક્યા છે, તો પક્ષના ધારાસભ્ય લલિત વસોયાએ તો નરેશ પટેલ માટે પોતાની બેઠક ખાલી કરવાની પણ તૈયારી દર્શાવી હતી.રાજયમાં વિધાનસભા ચૂંટણીના ટાણે હવે રાજકારણમાં રોજેરોજ નવી-નવી ઘટનાઓ બની રહી છે ત્યારે નરેશ પટેલે છેલ્લા કેટલાક સમયથી રાજકારણમાં એન્ટ્રીનો મમરો મૂકીને એક નવું જ સસ્પેન્સ ઉભું કર્યું છે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં શહેરની ચારે તરફ

# ૧.૮૫ લાખ આવાસના બાંધકામ માટે મંજૂરી

## એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અંતર્ગત માર્ચ મહિનામાં ઢગલાબંધ મધ્યવર્ગને પોસાય તેવા મકાન બનાવવા માટેના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે

અમદાવાદ,તા.૫

વડાપ્રધાન મોદીના સપના પ્રમાણે મધ્યમવર્ગને રહેવા માટે છત મળે તે માટે અફોર્ડેબલ હાઉસિંગ સ્કિમનો ધમધમાટ શરુ થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં શહેરની ચારે તરફ ફટફટ બાંધકામ થઈ રહ્યું છે. મહત્વનું છે કે માર્ચમાં ૧૦૭ પ્રોજેક્ટ્સને મંજૂરી મળતા વિક્રમ સર્જાયો છે. આમાંથી સૌથી વધુ પ્રોજેક્ટ ઉત્તર પશ્ચિમ ઝોનમાં મંજૂરી થયા છે જયારે સૌથી ઓછા પશ્ચિમ ઝોનમાં મંજૂર કરવામાં આવ્યા છે. રિપોર્ટ્સ પ્રમાણે આ અંગે હાઉસિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ એસ્ટેટ ટીડીઓ વિભાગની કામગીરી અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, "રેસિડેન્શિયલ એબોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૯૨૦ પ્રોજેકટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૧,૮૫,૨૮૭ યુનિટના બાંધકામની વિકાસની મંજૂરી અપાઈ છે. જેમાંથી કેટલાક પ્રોજેક્ટની શરુઆત કરી દેવામાં આવી છે." આ કામગીરીને જોતા આગામી સમયમાં મોટી સંખ્યામાં લોકોનું ઘરનું ઘરનું સપનું પરિપૂર્ણ થઈ શકે છે. કોરોનાના બે વર્ષમાં ઘણાં કામો પર બ્રેક લાગી ગયા પછી ફરી એકવાર મોટા પ્રોજેકટોની કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. દાણીએ વધુમાં જણાવ્યું કે, માર્ચ મહિનામાં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા અફોર્ડેબલ હાઉસિંગના ૧૦૭ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. જે એક વિક્રમજનક કામગીરી છે.

# પાલનપુર શહેરમાં ગૌમાતા માટે પીવાના પાણીના ટાંકા મુકાયા



પાલનપુર તા.૫

ધખધખતો તાપ, ૪૦ થી ૫૦ ટેમ્પરેચરમાં જો આ માનવી પણ જો શહેરમાં ફરી ન શકે તો આ મૂંગાઓનું કોણ ???

આવા ઉત્તમ હેતુથી શ્રી કમલેશભાઈ હાલ બોરીવલી તેમના પિતા સ્વ.ડો હીરાલાલ મહેતા ના સ્મરણ માં ૪૨ જેટલા રવિવાર અને સોમવારે બે દિવસ વિતરણ કરવામાં આવ્યું ગૌમાતા. શ્વાનો માટે પાણીના ટાંકા પાલનપુર શહેરી વિસ્તારમાં આપવાનું નક્કી કર્યું. આ અંગે અહેવાલ જણાવે છે કે, જીવદયા પ્રેમી શ્રી ઠાકોર દાસ ખત્રી. જીવદયા પ્રેમી ગૌતમ ભાઈ કેલા, શ્રી હસમુખભાઈ, શ્રી અનિલ ચક્રવર્તી, શ્રી કિરીટભાઈ મસાલીયા શ્રી ગિરીશ જગાણિયા રૂપેશ ભાઈ ગુપ્તા રાહુલભાઈ પટણી વગેરે સારા ભાવે મહેનત કરી એરિયા પ્રમાણે જે જીવદયા પ્રેમી રોજ સફાઈ કરી પાણી ભરશે તેમને જ ટાંકા આપવામાં આવ્યા. ઠાકોરદાસ ખત્રી અને હસમુખભાઈ ચૌહાણ રાહુલભાઈ જૈન.એ સારી જહેમત ઉઠાવી. શ્રીમતી અમીબેન પટેલ કે જેઓ પાલનપુર નગરપાલિકાના સેનેટરી ચેરમેન છે તેઓએ પણ જીવદયા પ્રત્યે જાગૃતિ લાવી અને ખરા તાપ માં સાથ સહકાર આપેલ.

# બનાસકાંઠાની સાત દુકાન- પેઢીના સેમ્પલ ફેઈલ થતા ૩.૮૦ લાખનો દંડ

પાલનપુર તા.૫

બનાસકાંઠા જિલ્લા ના પાલનપુર, ડીસા, ભાભર અને લાખણીમાં દુકાન તેમજ વિવિધ પેઢીઓ માંથી ફૂડ વિભાગે લીધેલા ખાદ્ય સામગ્રીના સાત સેમ્પલ તંત્રના પરીક્ષણમાં ફેઈલ થતા આ સાત પેઢીના વેપારી તેમજ એક ઉત્પાદકને પાલનપુરના અધિક નિવાસી નાયબ કલેકટર દ્વારા રૂ.૩.૮૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

બનાસકાંઠા જિલ્લા માં ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ રોકવા માટે ફુડ વિભાગ દ્વારા અવાર નવાર દુકાનો,રેસ્ટોરેન્ટ અને પેઢીમાં ચેકીંગ કરવામાં આવે છે જેમાં શંકાસ્પદ ખાદ્ય સામગ્રીમાં સેમ્પલ લેવામાં આવે છે જેમાં ફૂડ વિભાગ દ્વારા અગાઉ પાલનપુર,ડીસા, લાખણી અને ભાભર પંથક માં વિવિધ આઠ દુકાન પેઠી માંથી મોહન થાળ, લુઝ ધાણા પાવડર,લુઝ મરચા પાવડર, સોજી મીઠું, પતાસા,શિરફ જેવી જીવન જરૂરી ખાદ્ય સામગ્રી ના સેમ્પલ લીધા હતા જે સેમ્પલના પરીક્ષણ માં અખાદ્ય તેમજ ભેળસેળ હોવાનું બહાર આવતા આ પેઢી ઓ સામે પાલનપુર અધિક નિવાસી નાયબ કલેકટરની કોર્ટમાં કેસ ચાલી જતા નાયબ કલેકટર એ.ટી પટેલ સાત પેઢી ના વેપારી અને એક ઉત્પાદક ને મળી કુલ રૂ.૩.૮૦ લાખ નો દંડ ફટકાર્યો છે અને દંડ ભરવામાં કોઈ વેપારી કસૂર કરશે તો તેની મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેને લઈ ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે

### કોને કેટલો દંડ કરાયો

૧, શિવાની નાસ્તા હાઉસ ભાભર - લુઝ મોહન થાળ દંડ રૂ.૫૦ હજાર
૨, શિવ કૃપા ટેડર્સ ડીસા - લુઝ ધાણા પાવડર દંડ રૂ.૨૦ હજાર
૩, શ્રી સુંધા મસાલા ડીસા - લુઝ મરચા પાવડર દંડ રૂ.૨૫ હજાર
૪, લાભ ટ્રેડિંગ કુ.ડીસા - લાભ બ્રાન્ડ સોજી દંડ ૨૦ હજાર
૫, જલારામ સોલ્ડ સપ્લાયર ચડોતર તા.પાલનપુર
એક કિલો પેકિંગ સોલ્ડ દંડ રૂ.૧૪ હજાર
૬, સમ્રાટ સી બ્રિન્સ પ્રા.લી પાટણ સોલ્ડ સપ્લાયર - દંડ રૂ.૧ લાખ
૭, મોન્ટુ કિરાણા સ્ટોર્સ લાખણી
માધવ બ્રાન્ડ સુપર પતાસા દંડ રૂ.૩૫ હજાર
૮, વૉક્ષ ડાઈલેપ કંપની ચડોતર તા.પાલનપુર
શિરફ (દવાની બાટલી) દંડ રૂ.૧.૧૫ લાખ

# ગ્રાન્ટ થોર્નટોર્ન ભારતે ગિફ્ટ સિટીમાં નવી ઓફિસ શરૂ કરી

ગાંધીનગર, તા. ૫

એશ્યોરન્સ, એડવાઈઝરી અને કન્સલ્ટિંગ કંપની ગ્રાન્ટ થોર્નટોન ભારતે ભારતના સૌપ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)માં તેની નવી ઓફિસમાંથી ૦૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજથી કામગીરીની શરૂઆત કરી છે. નવી ઓફિસ જરૂરી મંજૂરીઓ પ્રાપ્ત કર્યા બાદ શરૂ કરાઈ છે.

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે ‘‘સહાયક સેવાઓ ઓફર કરતી ઘણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે કામ કરવાના પસંદગીના કેન્દ્ર ગિફ્ટ સિટી તરીકે ઉભરી રહ્યું છે. નવા નોર્મલમાં બિઝનેસ સતત વધી રહ્યો છે અને અમને આશા છે કે સહાયક સેવા પ્રોવાઈડર્સ બીજા ફાઈનાન્સિયલ સેન્ટર્સને સમાન પોતાની જાતને ફ્યુચર-રેડી દ્રષ્ટિકોણથી સજ્જ કરશે કે જે વૃદ્ધિને પરિભાષિત કરશે.’’

ગ્રાન્ટ થોર્નટોન ભારતના સીઈઓ વિશેષ સી ચાંડિયોકે આ પગલાંને સમજું નિર્ણય ગણાવતાં કહ્યું હતું કે ‘‘વાઈબ્રન્ટ દેશની રચના કરવાની જવાબદારી માત્ર સરકાર અને જાહેરક્ષેત્રની જ નહીં, પરંતુ ખાનગી ક્ષેત્રના કોર્પોરેટ અને બિઝનેસે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર આઈએફએસસી વિકસાવવા ઉપર અને વૈશ્વિક બેંચમાર્ક તૈયાર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. દેશની નાણાકીય ઈકોસિસ્ટમને વધુ સારી બનાવવા માટે સત્તામંડળ સાથે મળીને કામ કરતી કંપની તરીકે ગ્રાન્ટ થોર્નટોન ભારત માટે આ પ્રોજેક્ટ સાથે સંપૂર્ણરીતે જોડાવવું મહત્વપૂર્ણ હતું.’’

ઉલ્લેખનીય છે કે કંપની ઘણાં વર્ષોથી ગિફ્ટ સિટી સત્તામંડળ સાથે કામ કરી રહી છે અને ક્લાયન્ટ્સને વિશેષતા, ટેક્સ અને રેગ્યુલેટરી લાભો બાબતે સલાહ આપી રહી છે, જે તે ભારતીય અને વિદેશી નાણાકીય સંસ્થાઓ અને તેના વિવિધ સહભાગીઓને ઓફર કરે છે.

# U GRO કેપિટલ લિમિટેડએ રૂ. ૧૦૦ કરોડ સુધીના રેટેડ, સીક્યોર્ડ, સીનિયર, લિસ્ટેડ, ટ્રાન્સફરેબ્લ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબ્લ ડિબેન્ચર્સ (“NCDs”) માટે રજિસ્ટ્રાર્સ ઓફ કંપનીઝમાં પ્રોસ્પેક્ટ્સ ફાઈલ કર્યું

U GRO કેપિટલ લિમિટેડ (“U Gro કેપિટલ’’/“કંપની’’) આરબીઆઈમાં રજિસ્ટર્ડ નોન-ડિપોઝિટ ટેકિંગ સિસ્ટેમેટિકલી ઈમ્પોર્ટન્ટ એનબીએફસી છે. કંપનીએ ૩૦ માર્ચ, ૨૦૨૨ના રોજ રેટિંગ ધરાવતા, સીક્યોર્ડ, સીનિયર, લિસ્ટેડ, ટ્રાન્સફરેબ્લ, રીડિમેબલ, નોન-કન્વર્ટિબ્લ ડિબેન્ચર્સના પબ્લિક ઈશ્યૂ માટે રજિસ્ટ્રાર્સ ઓફ કંપનીઝમાં રજિસ્ટર્ડ કર્યું હતું. આ દરેક એનસીડીની ફેસ વેલ્યુ રૂ. ૧,૦૦૦ છે (“NCDs”) અને પબ્લિક કુલ ઈસ્યૂ રૂ. ૫૦૦૦ લાખ (‘‘બેઝ ઈશ્યૂ સાઈઝ’’)નો છે, જેમાં રૂ. ૫,૦૦૦ લાખ સુધીનું ઓવર-સબસ્ક્રિપ્શ જાળવી રાખવાનો વિકલ્પ સામેલ છે, જેથી ઈશ્યૂની કુલ સાઈઝ રૂ. ૧૦,૦૦૦ લાખ થાય છે. (‘‘ઈશ્યૂ’’)

કંપની ફંડનો ઉપયોગ આ માટે કરશે: (૧) આગળ જતાં ધિરાણ, ફાઈનાન્સિંગ તથા કંપનીના હાલના ઋણના વ્યાજ અને મુદલની પુનઃ ચુકવણીના ઉદ્દેશ માટે કુલ અંદાજિત ચોખ્ખી આવકના ઓછામાં ઓછા ૭૫ ટકાનો ઉપયોગ કરશે અને (૨) કુલ અંદાજિત ચોખ્ખી આવકના ૨૫ ટકા સુધી ફંડનો ઉપયોગ સાધારણ કોર્પોરેટ કામગીરી માટે કરશે.

ઈશ્યૂ અંતર્ગત ઈશ્યૂ થનાર સૂચિત એનસીડી એક્વાઈટ રેટિંગ્સ એન્ડ રિસર્ચ લિમિટેડના ૦૪ માર્ચ, ૨૦૨૨ના પત્ર મુજબ રૂ. ૨૦૦ કરોડની રકમ માટે “ACUITE A (એક્વાઈટ એ પ્લસ) (આઉટલૂકઃ સ્ટેબ્લ)’’ રેટિંગ ધરાવે છે, જેની ૨૪ માર્ચ, ૨૦૨૨ના પત્રમાં પુનઃ પુષ્ટિ કરવામાં આવી હતી.

કંપની ત્રણ સીરિઝમાં નોન-કન્વર્ટિબ્લ ડિબેન્ચરના ઈશ્યૂ મારફતે ફંડ ઊભું કરવાનો ઈરાદો ધરાવે છે અને કૂપન/ડિવિડન્ડનું પેમેન્ટ સિરીઝ ૧માં ત્રિમાસિક ધોરણે તથા સીરિઝ ૨ અને સીરિઝ ૩માં માસિક ધોરણે ચુકવવાપાત્ર બનશે.

## કોપી કેસ નહીં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે મહત્વના પેપરોની પરીક્ષા પુર્ણ થઈ ગઈ છે. કોરોના કાળમાં બે વર્ષના અંતે પરીક્ષા લેવામાં આવી રહી છે ગત વર્ષે કોરોનાના સંક્રમણ વચ્ચે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ. અલબત્ત ધો -૧૦ અને ૧૨ માં અંગ્રેજી સિવાય ગણિત, અને વિજ્ઞાન વિષયની પરીક્ષા સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓએ હવે નિરાંત અનુભવી છે. બોર્ડ પરીક્ષાના મધ્યાંતરના અંતે હવે વિવિધ ભાષા વિષયની પરીક્ષા બાકી છે. જેથી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાને વિદાય આપવાના મુડ સાથે આખરી તબક્કાની તૈયારીમાં લાગી ગયા છે. ગાંધીનગર જિલ્લામાં બોર્ડની પરીક્ષા શાંતિપુર્ણ અને ભયમુક્ત માહોલમાં યોજાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરાની વોચ રાખવામાં આવી છે.

જયારે પરીક્ષા બિલ્ડીંગોમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ પણ રાઉન્ડ લઈ રહ્યા છે. જિલ્લામાં પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો નથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં હવે માત્ર ભાષાના વિષયોની પરીક્ષા બાકી છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે ગુજરાતી ભાષાની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી આ પરીક્ષામાં જિલ્લામાંથી ૮૭૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જયારે અંગ્રેજી દ્વિતિય ભાષામાં પણ ૧૦૬૮૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૧૯૧ વિદ્યાર્થીઓ ગેરહાજ રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લામાંથી સંગીતની કસોટીમાં પણ ૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૧ વિદ્યાર્થી ગેરહાજ રહ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ જે ઈ ઈ ની તૈયારીમાં લાગ જશે.

## ગૂંગળામણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ પણ આ મામલે રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાયા નથી. આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ વચ્ચે દુષિત પાણીનો ભરાવો થયેલો રહેતા સ્થાનિકોનુ આરોગ્ય જોખમાયુ છે. સ્થાનિક રહીશો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. તંત્રની કચેરીએ અવારનવાર ધક્કા ખાવા છતા હજુ સુધી સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી આકરી ગરમીના દિવસોમાં પાણીની સાથે ગટરો ઉભરાવાની ફરિયાદો પણ વધી રહી છે.ત્યારે તંત્ર કક્ષાએથી આ મામલે ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ કરવામાં આવી રહી છે.

## સૈન્ય ઉતારાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિ કહેતા સંભળાય છે કે, હોસ્પિટલોના કોરોના વોર્ડ હાઉસફુલ છે અને આઈસોલેશન સેન્ટરોમાં પણ જગ્યા નથી. એમ્બ્યુલન્સ પણ ખૂટી પડી છે, કારણકે સેંકડો કોલ આવી રહ્યા છે.

આ સભ્યે કહ્યુ હતુ કે, ઝીરો કોવિડ પોલીસીએ દુનિયામાં શાંઘાઈની ઈમેજ બદલી નાંખી છે. હવે સ્થિતિ એવી છે કે, આપણા કોરોના એક્સપર્ટને પાગલ ગણવામાં આવી રહ્યા છે. તેમની વાત સાંભળવા માટે કોઈ તૈયાર નથી. શાંઘાઈમાં ખાવા પીવાની વસ્તુઓ પણ ખુટવા માંડી છે. સુપર માર્કેટ અને દુકાનોમાં સ્ટોક ખુટી રહ્યો છે. બીજા પ્રાંતમાંથી શહેરમાં આવતી ડિલિવરી પર પણ રોક લગાવી દેવાઈ છે. ઝીરો કોવિડ પોલિસી સામે લોકોના રોષનુ આ પણ એક કારણ છે.

## રડી પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને રશિયાની સેના પર આરોપ છે કે તેણે સામાન્ય નાગરિકોની હત્યા કરી છે, મહિલાઓ પર બળાત્કાર ગુજાર્યા છે અને મોટી સંખ્યામાં સામાન્ય લોકોની લાશોને સામૂહિક કબરોમાં દાટી દીધી છે.રાજધાની કિવથી પશ્ચિમ-ઉત્તરમાં સ્થિતિ બુચા શહેરમાંથી રશિયાની સેના ગયા બાદ અહીંની ભયંકર તસવીરો સામે આવી છે. જેમાં સામાન્ય નાગરિકોની લાશો રસ્તા પર જેમ-તેમ પડેલી દેખાઈ રહી છે. રસ્તાની એક તરફ ખુલ્લી કબરમાં ફેરવાઈ ગઈ છે. આ લાશોને જોતા લાગી રહ્યું છે કે રશિયાના સૈનિકોએ આ લોકોને મારતા પહેલા તેમના પર જુલમ ગુજાર્યો છે. ઘણાં લોકોના શરીર પર ગંભીર ઈજાઓ દેખાઈ રહી છે અને તેમના હાથ પાછળની તરફ બાંધેલા દેખાય છે. કહેવાય છે કે ઘણાની બરબર્તા પૂર્વક હત્યા કરવામાં આવી છે.